સમાજકારણ
આસમા શેઠ
feedback.ladki@bombaysamachar.com

# લગ્નમાં વિલંબનું કારણ શું, બહેન?

## ઘણી વાર આ માટે યુવતીએ પોતાની અંદર ઝાંકવાની જરૂર હોય છે



**તમે** યુવાન છો, સુંદર છો, સુશિક્ષિત છો, હસમુખાં છો, સમાજમાં - મિત્રોમાં હળવા - ભળવાવાળાં છો, પ્રતિષ્ઠિત કંપનીમાં સારા પગારવાળી નોકરી છે, કુટુંબ પણ સુસંસ્કૃત અને નામનાવાળું છે, બધા વચ્ચે મનમેળ પણ સારો છે અને તમારો પોતાનો ફ્લેટ પણ નોંધાવી દીધો છે. આમ જીવનમાં બધાં પાસાં તમારી તરફેણમાં છે તોપણ અત્યાર સુધી લગ્ન કેમ નથી કર્યાં કે નક્કી પણ કેમ નથી કર્યાં, એવો સીધો સવાલ અમે પૂછ્યો ત્યારે સ્ટાઈલિશ કપડાં - એકસેસરીઝથી સજજ આ યુવતી ખભા ઉલાળી સહેજ બેદરકારીભર્યા હાસ્ય સાથે જવાબ આપે છે કે કોઈ મળ્યું જ નથી આજ સુધી! દુનિયામાં સારા (અને અપરિણીત પણ) છોકરાઓનો કદાચ દુકાળ પડી ગયો છે. જો કે, આ વાત અમે નથી માનતા એવું એને કહ્યું ત્યારે આ આધુનિકા જરા નારાજ થઈ ગઈ. આખરે અમારે કહેવું પડયું કે એકવાર તારી પોતાની અંદર ડોકિયું કર, છોકરી! કંઈક કમી કે ખામી તારી અંદર કે તારા વિચારોમાં પણ હોઈ શકે છે. આશ્ચર્ય સાથે જરા ભવાં ચડાવી એ પૂછે છે કે કેવી કમી, કેવી ખામી! અમારો જરા વિગતે વાત માંડવી પડે છે.

જો સાંભળ, તને કયારેક ગુસ્સો તો આવતો જ હશે. ભલે આવે. બધાને આવે છે, પણ શું તને નાની નાની વાતોમાં ગુસ્સો આવી જાય છે? થોડીક વારમાં જ મોટા અવાજથી અને ભારે ગુસ્સા સાથે બોલવા માંડે છે? અણગમતું બને ત્યારે સીધી ઝઘડા પર ઊતરી આવે છે? હવે તું જ કહે, આવી છોકરી સાથે કયો સમજદાર છોકરો અને શા માટે લગ્ન કરવા તૈયાર થાય? તને ઘરકામ કરવાનું ન ગમતું હોય તો આજના આધુનિક જમાનામાં છોકરાને ખાસ કંઈ અજુગતું ન લાગે. ઊલટું એ રસોઈ પણ કરવા લાગે, પણ સ્વભાવમાં અને વાતચીતમાં આટલી જલદી તીખાશ આવી જતી હોય એ કદાચ યુવાનને ગળે નહીં ઊતરે. જીવનસાથી વાતચીતમાં સોફ્ટ અને વિનમ્ર હોય એટલી તો એની ઈચ્છા રહેવાની જ.

લગ્ન અને રિલેશનશિપ કાઉન્સેલર અનામિકા બોઝ આ સંદર્ભમાં કહે છે કે પત્ની ભલે આધુનિક હોય, ભલે નોકરી - વ્યવસાય કરતી હોય, પરંતુ એ સાથે પરંપરાઓને માને, સાસુ-સસરાનું બરાબર માન રાખે, અને પોતાનું ધ્યાન રાખે એવું બધા પતિ ઈચ્છતા હોય છે. ઘણી યુવતીઓ લગ્નને એક બંધન કે ગુલામીરૂપે જુએ છે, જે ખોટું છે, એમ પણ તેઓ ઉમેરે છે.

છેડીએ છીએ અમે પેલી - આધુનિકા સાથે બીજો મુદ્દો. તું કારણ વગર રડી પડે છે? સખીઓમાં તું 'ડ્રામા ક્વીન' તરીકે મશહૂર છે? થોડી મુશ્કેલી તને હેરાન કરી મૂકે છે? પડોશીના ઘરમાં નવું મોટું ટીવી કે નવી કાર આવે ત્યારે તને ઈર્ષ્યા થાય છે? સખી પાસે શું શું છે એ વાત જ તને ડિસ્ટર્બ કરી મૂકે છે? કોઈ પણ વાતે તને ખોટું લાગી જાય છે? હંમેશાં તું કંઈ ને કંઈ ફરિયાદ કર્યા કરે છે? કોઈપણ સમસ્યાના ઉકેલમાં તું બીજાની (ખાસ કરીને બોયફ્રેન્ડની) સહાયની રાહ જોયા કરે છે? એની સલાહ પાછી સ્વીકારવામાં તને તકલીફ પડે છે? આ બધાનો જવાબ વત્તેઓછે અંશે પણ 'હા' હોય તો દેખીતું જ છે કે કોઈપણ યુવાન તને સનકી કે ક્રેઝી જ કહેશે.

મારી વાત ખાતરી સાથે માનજે કે તું એને તારી સાથે લગ્ન કરવા રાજી નહીં જ કરી શકે.

દેખીતી રીતે જ આ બધા સવાલો સાથે સમ્મત ન થવાના ભાવ સાથે એ બંને હાથે ટેબલ થપથપાવે છે એટલે અમે મુદ્દો બદલીએ છીએ.

ઢગલાબંધ પુરુષ મિત્ર હોવા, એમાંના કેટલાય સાથે શારીરિક સંબંધમાં પણ આગળ વધી જવું એ જ 'બોલ્ડ' હોવાનો તારે માટે અર્થ હોય તો તું ખોટી છે. તમે જે વિચારો - કાર્યોને 'બોલ્ડ' માનતા હો એ હજી કદાચ આજના યુવાનોને વધુ પરેશાન નહીં કરે, પરંતુ પોતાને 'અલ્ટ્રા મોડ' કેટેગરીમાં મૂકવા જે આદતો તું સ્વીકારતી હોય એની સામે મોટા ભાગના યુવાનોને ઓછો - વધુ વાંધો હોઈ શકે છે. આમાં તારા પુરુષ દોસ્તો સાથેનો ઉછાંછળો વ્યવહાર અને કપડાંની 'ખુલ્લી' સ્ટાઈલનો સમાવેશ થાય છે. તું સમજદાર છે એટલે સમજી જ ગઈ હશે કે આ ઉપરાંત તું તારા ભાવિ પતિના ગુણ-અવગુણની ચર્ચા એની સામે જ બીજાઓ સાથે કરે તો એને તારામાં 'પત્ની મટિરિયલ' નહીં દેખાય એવો સંભવ છે.

આધુનિકા હવે જરા વિચારમાં હતી. એ ગંભીર બની એટલે અમે આગળ ચલાવ્યું. શ્રેષ્ઠ ચીજ જ મેળવવા માટે પસંદગી બદલ્યા કરે. એ પણ બરાબર નથી. ડ્રેસ કે ઘડિયાળ કે એવું કંઈ પણ ખરીદ કરે પછી બીજાનું જોઈ કે તારા પોતાના કારણે તું બદલાવવા દોડી જાય, હોટલમાં એક ડીશનો ઓર્ડર આપ્યા પછી બોયફ્રેન્ડની ડીશ જોઈ તુંય ઓર્ડર બદલી કાઢે, છોકરાની પસંદગીમાં પણ પહેલા છોકરો, પછી કુટુંબ પછી ઘર એવા જુદા જુદા કારણે નિર્ણય બદલતી રહે તો તારી છાપ એક કન્ફયુઝ યુવતી તરીકેની પડે. ધીરે ધીરે તારે માટે કોઈપણ નિર્ણય લેવાનું મુશ્કેલ બની જશે. સ્વાભાવિક છે કે તમારી આ ટેવ કે નબળાઈથી તમારો બોયફ્રેન્ડ માહિતગાર થઈ જ જશે અને એ તમારી સાથે માયરામાં બેસવાનો વિચાર કદાચ પડતો મૂકે.

આધુનિકાના મોં પર ચિંતા હવે સ્પષ્ટ દેખાતી હતી. અમને બરાબર સમજાઈ ગયું હતું કે હવે લોખંડ ગરમ છે ત્યારે જ હથોડો મારી દેવો જોઈએ, એટલે અમે નવો મહત્ત્વનો મુદ્દો છેડયો. હું કેવી લાગું છું, મારે શું ખરીદવું જોઈએ, મને કોઈ એવો અમીરજાદો મળે કે જે મારી બધી જ ઈચ્છા પૂરી કરે, હું શું કામ હંમેશાં ખાવાનું બનાવું - ઘરકામ કરું - આવા બધા વિચારો તું કરે ત્યાં સુધી તો હજી ઠીક છે, પરંતુ બોયફ્રેન્ડે તારા માટે શું શું કરતા રહેવું જોઈએ કે ભાવિ પતિએ તારી સાથે રહેવા કેવાં કેવાં એડ્જેસ્ટમેન્ટ કરવાં જોઈએ, એ શું શું કરે તો તું ખુશ રહે એવા જ વિચાર તારા મનમાં ઘૂમતા રહે તો તું નક્કી સ્વાર્થી છે.

લગ્નનો અર્થ જ બધું જ જીવનસાથી સાથે વહેંચીને જીવન માણવાનો છે. એ જ કરવા જો તું તૈયાર ન હોય તો આખું જીવન પતિ સાથે કેવી રીતે વિતાવી શકે?

વળી, પતિની આખી કમાણી પર તારો હક છે. એમ તું માનતી હોય (જે માન્યતા સાચી પણ છે), પણ તારી આવક કે સંપત્તિ કેટલી છે, એનું તું શું કરે છે એ પતિને જણાવવા તૈયાર ન હોય તો એ યોગ્ય કહેવાય? એવું ચાલવું જોઈએ?

લગ્ન કાઉન્સેલર અરુંધતી ચોક્સી કહે છે કે આજના વિભક્ત કુટુંબમાં પપ્પા-મમ્મી અને એક (કે બે) સંતાન સાથે રહેતાં હોય છે. પપ્પા-મમ્મી બંને નોકરી - વ્યવસાય કરતાં હોય છે. બાળકો પપ્પા-મમ્મીને જોતાં રહે છે અને એમની આજુબાજુ સતત કોઈ હોતું નથી. એટલે બાળપણથી જ પોતાની ચીજો કોઈની સાથે વહેંચીને વાપરવા કે ખાવાનું તેઓ શીખતાં જ નથી. એ મોટાં થઈને જીવનસાથી સાથે બધું જ વહેંચીને જીવવાનું કેવી રીતે સ્વીકારે કે શીખે?

લગ્નને સફળ બનાવવા તમારું સ્થિતિસ્થાપક હોવું, જરૂરિયાત પ્રમાણે સમજૂતી કરવા તૈયાર હોવું અનિવાર્ય છે, જેની આજના યુવાનોમાં કમી છે.

આટલી વિગતવાર ચર્ચા પછી આધુનિકાએ હસતા મોંએ અને સચ્ચાઈભર્યા અવાજે પોતાની ભીતર નજર નાખવાની અને જરૂર જણાય ત્યાં બધે પોતાને બદલવાની તત્પરતા બતાવી એથી અમે સંતોષ અનુભવ્યો. ■